દાખલ તારીખ :– ૧૯–૧૦–૨૦૨૨
નોંધણી તારીખ :– ૧૯–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ :– ૦૯–૧૧–૨૦૨૨
સમયગાળો :– **<u>વર્ષ–માસ–દિવસ</u>**
**૦૦ – ૦૦ – ૨૧**

**<u>મે.એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, પાટણ, મુ.રાધનપુર.</u>**

**ક્રિ.પર.અ.નં.૪૨૪/૨૦૨૨.**
**આંક :– ૦૮**

**અરજદાર :–** મયુદીનભાઈ ઉર્ફે આમદ અલાઉદીનભાઈ રમજુભાઈ
બોકેરા (મુસ્લીમ)
રહે.મુ.જાખત્રા, તા.સાંતલપુર, જી.પાટણ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** શ્રી સરકાર

**બાબત :– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની અરજી...**

**એડવોકેટસ :–**
અરજદાર/આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી બી.પી.ઠક્કર.
સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી સાંતલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૪૦/૨૦૧૯, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના નોંધાયેલા ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, તેઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે જામીન અરજીમાં જણાવેલ કારણો અને હકીકત મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ છે.

(૨) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ યાસીનભાઈ અલાઉદીનભાઈ રમજુભાઈ બોકેરા (મુસ્લીમ) તથા મયુદ્દીનભાઈ અલાઉદીનભાઈ રમજુભાઈ બોકેરા (મુસ્લીમ), બંને રહે.નવા જાખોત્રા, તા.સાંતલપુર વાળાઓએ ફરીયાદી લાખાભાઈ ગફુરભાઈ મધરા (સિન્ધી)ના દિકરા રમઝાનભાઈને તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ રાત્રીના અગિયારેક વાગે બોલાવી કોઈ કારણોસર તેની

સાથે ઝઘડો કરી, મરણ જનારને ધોકાઓથી માર મારી તેના પગ ભાગી નાંખી તેને શરીરે માર મારી જાનથી મારી નાંખી, ખૂન કરી નાસી જઈ, પોતાનો સમાન ઈરાદો પાર પાડી, જીલ્લા મેજી.શ્રી, પાટણનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોવા બાબતે ફરીયાદીએ ફરીયાદ આપતા, સાંતલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૪૦/૨૦૧૯, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે.

(૩) આ કામના અરજદાર/આરોપીની હાલની અરજી અંગે સામાવાળા શ્રી સરકારને તથા ત.ક.અમલદારશ્રીને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ હાજર રહેલ છે અને ત.ક.અમલદારશ્રીએ હાજર થઈ તેઓનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી બી.પી.ઠકકર તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટને સાંભળ્યા. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે આંક–૦૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ.૩/૧ થી નિ.૩/૫ સુધીથી રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તથા આંક–૦૭ થી રજુ એચ.વી.ચૌધરી, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સાંતલપુર પો.સ્ટે. નાઓનું સોગંદનામું તથા તપાસનુ રેકર્ડ વંચાણે લીધા.

(૫) અરજદાર/આરોપીઓ તરફે વિ.વકીલશ્રી બી.પી.ઠકકરની દલીલ એવી છે કે, આ કામના અરજદાર/આરોપી સામે સાંતલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૪૦/૨૦૧૯, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. જે ગુનાનો સેશન્સ કેસ નં.૧૫/૨૦૨૦ થી અત્રેની નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે. સદર કેસ છેલ્લા ત્રણ માસથી ત.ક.અમલદારને તપાસવા માટે પેન્ડીંગ છે. રાધનપુર સેસન્સ કોર્ટમાં તા.૦૮/૦૯/૨૦૨૨ ના કચેરી સમય બાદથી રેગ્યુલર પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની પોસ્ટ વેકન્ટ છે. તેથી ટ્રાયલ ચાલવામાં વિલંબ થાય તેમ છે. આ કામના અરજદાર/આરોપી છેલ્લા ત્રણ વર્ષથી

યુ.ટી.પી. છે. આ કામે રેકર્ડ ઉપરનો તમામ પુરાવો જોતા, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઈ ખાસ પુરાવો આવેલ નથી. આ કામના અરજદાર/આરોપીની આર્થિક સ્થિતી સારી નથી. હાલમાં ખેતીની સીઝન છે અને અરજદાર/આરોપીના પિતાનુ આંખનુ ઓપરેશન કરાવેલ છે, તેથી આંખે ઓછુ દેખાય છે. જેથી ખેતી કરવા માટે અરજદાર/આરોપીની હાજરીની જરૂરીયાત છે. આ કામના અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી છે તેમજ સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન તેમની હાજરીની સલામતી છે. અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવામાં આવે તો તેમના પરીવારને ખુબ જ તકલીફોનો સામનો કરવો પડે તેમ છે. આ કામે મહત્વના સાહેદોને તપાસવામાં આવેલ હોય અને આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો આવેલ ના હોય, જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. જેથી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિકલ્પે ખેતીની સીઝન હોઈ, ખેતી કરવા માટે દિન–૩૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સાંતલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૪૦/૨૦૧૯, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. હાલના ગુનાના સેશન્સ કેસ નં.૧૫/૨૦૨૦ ના કામે મોટાભાગનો પુરાવો નોંધાઈ ગયેલ છે. આ કામે તપાસવામાં આવેલ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય પુરાવો છે. વધુમાં, હાલના ગુનાના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર કે જે હાલના અરજદાર/આરોપીના ભાઈ થાય છે અને તે જામીન મુકત છે અને જે હવે પુખ્ત ઉંમરનો થઈ ગયેલ છે. જેથી તે તેમના કુટુંબનુ તથા ખેતીનુ ધ્યાન રાખી શકે તેમ છે. હાલના અરજદાર/આરોપીની અગાઉની જામીન અરજીઓ નામંજુર થયેલ છે. હાલમાં

કોઈ નવા સંજોગો બદલાયેલા નથી. અરજદાર/આરોપી સામે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ છે. જેથી અરજદાર/આરોપી સામેના ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ ત.ક.અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ, હાલની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૭) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. અરજદાર/આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા તેમજ તપાસનુ રેકર્ડ વંચાણે લીધુ. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સાંતલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૪૦/૨૦૧૯, ઈ.પી.કો.કલમ-૩૦૨, ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકીકત તથા ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા, આ કામના અરજદાર/આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ફરીયાદીના દિકરા રમઝાનભાઈને તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ રાત્રીના અગિયારેક વાગે બોલાવી કોઈ કારણોસર તેની સાથે ઝઘડો કરી, મરણ જનારને ધોકાઓથી માર મારી તેના પગ ભાગી નાંખી તેને શરીરે માર મારી જાનથી મારી નાંખી, ખૂન કરી નાસી જઈ, પોતાનો સમાન ઈરાદો પાર પાડી, જીલ્લા મેજી.શ્રી, પાટણનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોવાનો આક્ષેપ છે. હાલના ગુનાનો સેશન્સ કેસ નં.૧૫/૨૦૨૦ થી અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. આ કેસના કામે મોટાભાગના સાહેદો તપાસાઈ ગયેલ છે અને સદર કેસ માત્ર ત.ક.અમલદારના પુરાવા ઉપર પેન્ડીંગ છે. રેગ્યુલર પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની પોસ્ટ વેકન્ટ હોવાની હકીકત વહીવટી પ્રશ્ન છે અને તે જામીન આપવા માટેનું યોગ્ય કારણ જણાતું નથી. વધુમાં અગાઉ આરોપીની જામીન અરજી નામંજુર થયેલ છે અને ત્યારબાદ કોઈ નવા સંજોગો અસ્તિત્વમાં આવ્યાનું જણાતું નથી. વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ છે અને અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય પુરાવો પડેલ છે. વધુમાં, અરજદાર/આરોપી તરફે હાલમાં ખેતીની સીઝન ચાલી રહેલ હોય અને અરજદાર/આરોપીની આર્થિક સ્થિતી સારી ન હોય, ખેતી કરવા

માટે વિકલ્પે દિન–૩૦ ના વચગાળાના જામીન મંજુર કરવા વિનંતી કરેલ છે. પરંતુ, આ કામે વિ.એ.પી.પી.શ્રીએ તેની સામે વાંધો લીધેલ છે અને જણાવેલ છે કે, હાલના ગુનાના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર કે જે હાલના અરજદાર/આરોપીના ભાઈ થાય છે અને તે જામીન મુકત છે અને જે હવે પુખ્ત ઉંમરનો થઈ ગયેલ છે. જેથી તે તેમના કુટુંબનુ તથા ખેતીનુ ધ્યાન રાખી શકે તેમ છે. તેથી ખેતી કરવા જામીન આપવાનું કારણ પણ યોગ્ય જણાતું નથી. આ કામના અરજદાર/આરોપી સામે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ છે. જેથી અરજદાર/આરોપી વિરૂધ્ધના ગંભીર પ્રકારના ગુનાની હકીકત ધ્યાને લેતા તથા મોટાભાગની ટ્રાયલ પુર્ણ થવા આવ્યાની હકીકત ધ્યાને લેતા, આ કામના અરજદાર/આરોપીને આ તબકકે વચગાળાના તેમજ રેગ્યુલર જામીન મંજુર કરવા માટે વિવેકાધિન સત્તાનો ઉપયોગ અરજદાર/આરોપીના લાભમાં કરવાનુ ન્યાયોચિત જણાતુ નથી. જેથી હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

–– આ કામના અરજદાર/આરોપી મચુદીનભાઈ ઉર્ફે આમદ અલાઉદીનભાઈ રમજુભાઈ બોકેરા (મુસ્લીમ), રહે.મુ.જાખત્રા, તા.સાંતલપુર, જી.પાટણ વાળાની સાંતલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૪૦/૨૦૧૯, ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૯ અન્વયેની રેગ્યુલર જામીન અરજી/વિકલ્પે દિન–૩૦ ના વચગાળાની જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.**૦૯ મી,** માહે **નવેમ્બર**, સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૧૧/૨૦૨૨.
પાટણ.

**( ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ )**
GJ00660
ઈ.ચા. એડીશનલ સેશન્સ જજ, પાટણ,
મુ.રાધનપુર.

KBS.